## સંક્ષિપ્ત સમાચાર

### નાની નરોલીની ભારતીય વિદ્યા ભવન્સ જી.આઈ.પી.સી.એલ. ખાતે વાર્ષિકોત્સવ



વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળના નાની નરોલીની ભારતીય વિદ્યા ભવન્સ જી.આઈ.પી.સી.એલ. ખાતે વાર્ષિકોત્સવ યોજાયો હતો. આ વાર્ષિકોત્સવ પ્રેરણા ખટીકના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ શાળાના વાર્ષિકોત્સવમાં અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ વાર્ષિકોત્સવમાં બાળકોએ તેઓનું ટેલેન્ટ બતાવ્યું હતું. આ સાથે જ સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાસ-ગરબા, આદિવાસી નૃત્ય સહિતની વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. આચાર્ય અગ્રવાલે ભારતીય વિદ્યા ભવન્સનો ચિતાર આપી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. જી.આઈ.પી.સી.એલ.ના મેનેજિંગ ડિરેક્ટર એચ.પી.રાવનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

### સાબરગામ કોલેજની યૂથ ફેસ્ટિવલમાં ઝળહળતી સિદ્ધિ



દિપકસિંહ મહિડા

અંત્રોલી: અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ અને દેવીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન-સાબરગામ કોલેજના વિદ્યાર્થીઓએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાયેલા 52મા યુવક મહોત્સવમા કલાયાત્રામાં ભાગ લઈ આશ્વાસન ઈનામ પ્રાપ્ત કર્યું છે. ૧૦૦ કરતા પણ વધારે વિદ્યાર્થીઓએ "ગરવા ગુજરાતની ગૌરવમય ગાથા" વિષય પર પ્રસ્તુતિ કરી હતી. કલાયાત્રા માટે પ્રોત્સાહન આચાર્ય ડો.ફાલ્ગુનીબેન ઠક્કર દ્વારા આપવામાં આવ્યું હતું. સમગ્ર કલાયાત્રાનું આયોજન પ્રો. શૈલેષ પાંધી, પ્રો. શિશિર સિદ્ધપુરિયા તથા પ્રો. ભાર્ગવ પટેલ તથા સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

### પલસાણાના ઘલુડામાં ટ્રાન્સમિશન લાઈનમાંથી 9.62 લાખના વાયરની ચોરી

પલસાણા: પલસાણાના ઘલુડા-ભુતપોર ગામે આવેલી કે.ઈ.સી. ઈન્ટરનેશનલ લિમિટેડ કંપનીની હાઈટેન્શન ટ્રાન્સમિશન લાઈનમાંથી આશરે રૂ.9,62,800ની કિંમતના વાયરની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. રામલગન પ્રસાદ, જેઓ કંપનીમાં કન્સ્ટ્રક્શન ઓફિસર તરીકે ફરજ બજાવે છે, તેમણે જણાવ્યું કે તારીખ 21/12/2025 ના રોજ સવારે તેઓ સાઈટ વિઝિટ પર હતા. તે દરમિયાન લોકેશન નંબર 244/1 થી 245/2 વચ્ચેના 765 કે.વી. ટ્રાન્સમિશન ટાવર પર વાયર લટકતા જોવા મળ્યા હતા. તપાસ કરતાં માલૂમ પડ્યું કે કોઈ અજાણ્યા શખ્સોએ 6960 કિલોગ્રામ વજનના 'AAAC, AL, 59, 61 STRANDS' વાયર કાપીને ચોરી કરી લીધા છે. કંપનીના ઉચ્ચ અધિકારીઓએ પલસાણા પોલીસમથકે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી

### વાવ પાસે ખાણ ખનીજના માઈન્સ સુપરવાઈઝરને ડરાવવાનો પ્રયાસ

કામરેજ: મૂળ ખેડાના માતરના પાલ્લા ગામના વતની અને હાલ કતારગામ સિંગણપોર આઈશ્રી ખોડિયાર કૃપા સોસાયટીમાં રહી ખાણખનીજ વિભાગમાં માઈન્સ સુપરવાઈઝર તરીકે ઓમપ્રકાશ પરશુરામ વૈષ્ણવ નોકરી કરે છે. ત્રણ દિવસ અગાઉ કામરેજના ચોર્યાસી ટોલનાકા પાસે મોડી રાત્રે 1.25 કલાકે હાજર હતા. ત્યારે રેતી ભરીને નંબર વિનાની એક ટ્રક આવી રહી હતી. જેને ટોર્ચની લાઈટ મારી રોકવાની કોશિશ કરતાં ડ્રાઈવરે ટ્રક ન રોકતાં સરકારી બોલેરો જીપ નં.(જીજે 18 જીબી 6192) સરકારી જીપ લઈને સાઈરન વગાડી રોકવાની કોશિશ કરી હતી. ડ્રાઈવરે ટ્રક વાવ સુધી હંકારી મૂકી હતી. બાદ વાવ ગામ નજીક કેનાલ પર સરકારી જીપ પાછળ મહિન્દ્રા સ્કોર્પિયો તેમજ બાઈક પર સવાર ત્રણ ઈસમ પીછો કરતા હતા. જીપની આગળ બાઈકસવાર ત્રણ ઈસમ પોતાની બાઈક ઊભી રાખી જોરજોરથી બૂમો પાડી માઈન્સ સુપરવાઈઝરને ડરાવવાની કોશિશ કરી નાસી છૂટ્યા હતા. જે અંગે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### પીપોદરા જીઆઈડીસીમાં સગીરાના અપહરણની પોલીસ ફરિયાદ

હથોડા: કોસંબા પોલીસ મથક હદ વિસ્તારના પીપોદરા જીઆઇડીસીના પ્રીમિયમ પાર્ક ખાતે કોઈ અજાણ્યો ઈસમ કોઈક કારણસર સગીરાનું અપહરણ કરી ગયાની ફરિયાદ નજીકમાં આવેલી પાલોદ પોલીસ ચોકીમાં નોંધાઈ છે. ઘટનાની તપાસ પાલોદ પોલીસ ચોકીના પી.એસ.આઇ. ધાંધલ ચલાવી રહ્યા છે.

### પીપોદરા GIDCમાં યુવાનનો આપઘાત

હથોડા: પીપોદરા જીઆઇડીસીમાં 20 વર્ષના જિતેન્દ્ર હરિ સ્વાઇ નામના પરપ્રાંતીય યુવાને અગમ્ય કારણોસર ફાંસો ખાઈ લેતાં તેનું મોત થયું હતું. આ બનાવ અંગે પાલોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### કોસંબા નજીક ટ્રેન અડફેટે વૃદ્ધાનું મોત

હથોડા: કોસંબા ગામની સીમમાં ડીએફસી નજીક રેલવે લાઈન પર કોઈ 60 વર્ષની અજાણી વૃદ્ધા ટ્રેનની અડફેટે આવતાં તેનું મોત થયું હતું. કોસંબા ટાઉન પોલીસ જમાદાર અશોકભાઈએ લાશનો કબજો લઈ તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં ટ્રેડ એન્ડ ફન ફેરનો પ્રારંભ

અંકલેશ્વર: જે.સી.આઈ. અંકલેશ્વર અને અંકલેશ્વર જુનિયર ચેમ્બર વેલફેર ટ્રસ્ટ દ્વારા અંકલેશ્વરના યોગી એસ્ટેટ સ્થિત વૃંદાવન પાર્ટી પ્લોટ ખાતે 23મા જે.સી.આઈ. ટ્રેડ એન્ડ ફન ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફન ફેરનો પ્રારંભ મામલતદારના હસ્તે રિબિન કટિંગ તથા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો.



દાનુ

# ટાયર ફાટતાં કોલસો ભરેલું ડમ્પર પલટી ખાઈ ગયું

**કીમ** ચાર રસ્તા નજીક બનેલી ઘટના

**કોલસાનો** ઢગલો રોડ પર ઠલવાતાં ટ્રાફિક જામ સર્જાયો

હથોડા: હાઈવે પરથી પસાર થતાં કોલસા ભરેલા ડમ્પરનું ટાયર કીમ ચાર રસ્તા નજીક ઓવરબ્રિજ પર અચાનક ફાટતાં કોલસા ભરેલું ડમ્પર પલટી જતાં અને કોલસાનો જથ્થો રોડ પર ઠલવાતાં ટ્રાફિક જામમાં પ્રશ્ન સર્જાયો હતો.

નેશનલ હાઈવે નં.48 પરથી કોલસા ભરેલું ડમ્પર પસાર થતું હતું. ત્યારે કીમ ચાર રસ્તા પાલોદ પોલીસ ચોકી સામે આવેલા ઓવરબ્રિજ પર અચાનક ડમ્પરનું ટાયર ફાટતાં ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કોલસા ભરેલું ડમ્પર પલટી જતાં કોલસાનો જથ્થો નેશનલ હાઈવે પર ઠલવાતાં ટ્રાફિકનો ગંભીર પ્રશ્ન ઊભો થયો હતો.

અકસ્માત સર્જાતાની સાથે જ સુરત જિલ્લા ટ્રાફિક તેમજ પાલોદના ટ્રાફિક પોલીસ જમાદાર નિલેશ શિમ્પી સહિત પોલીસ કાફલાએ વાહન ખસેડી ટ્રાફિક પ્રશ્ન હળવો કર્યો હતો. આ અકસ્માતમાં કોઈ જાનહાનિ કે ઈજા નહીં પહોંચતાં પોલીસ તંત્રએ રાહતનો દમ લીધો હતો. પરંતુ ટ્રાફિકજામ થતાં વાહનચાલકો તેમજ સ્થાનિક લોકો તોબા પોકારી ઊઠ્યા હતા.

# વાંકલ ખાતે ગ્રામસભા યોજાઈ



વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળના વાંકલ ખાતે આવેલા પંચાયત ભવન ખાતે અનિતાબેન ચૌધરીના અધ્યક્ષ સ્થાને ગ્રામસભાનું આયોજન કરાયું હતું. આ ગ્રામસભા પેસા અધિનિયમ અંગે જાગૃતતા લાવવા માટે યોજાઈ હતી. ગ્રામસભામાં વાંકલ બજારમાં સ્પીડબ્રેકર મૂકવાની માંગ કરાઈ હતી. આ અંગેનો ઠરાવ કરી માર્ગ-મકાન વિભાગને લેખિત જાણ કરી સ્પીડ બ્રેકર્સ મૂકવામાં આવશે. આ ગ્રામસભામાં વાંકલના સરપંચ અનિતાબેન ચૌધરી, ડે.સરપંચ શૈલેષ મૈસુરીયા, ઠાકોરલાલ ચૌધરી, નાથુભાઈ મકવાણા વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.



કિરણ ઢોડિયા

# કીમ બજારમાં આખલા યુદ્ધ થતાં વેપારીઓ-ગ્રાહકોમાં નાસભાગ

**પોસ્ટ** બોક્સ, લારીઓ અને બાઇક્સને નુકસાન થયું

કીમ: કીમ વિસ્તારમાં ફરી એકવાર ભરબજારમાં આખલાઓનું યુદ્ધ જામ્યું છે. કીમ બજાર જેવી વ્યસ્ત જગ્યા પર બે આખલા અચાનક યુદ્ધે ચઢતાં જ ક્ષણોમાં અફરાતફરી મચી ગઈ હતી. પોસ્ટ બોક્સ, લારીઓ અને બાઈક્સને નુકસાન પહોંચ્યું તો બીજી તરફ લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. ભરબજારમાં આખલાઓના તાંડવથી વેપારીઓ દુકાનો બંધ કરી ભાગ્યા, ગ્રાહકો જીવ બચાવવા નાસભાગ કરવા મજબૂર બન્યા હતા. આખલા અને રખડતાં ઢોરનો ત્રાસ કીમ વિસ્તારમાં દિનપ્રતિદિન વધી રહ્યો છે, છતાં સ્થાનિક પંચાયત અને ઉચ્ચ કચેરી જવાબદાર વિભાગ માત્ર ઘટનાના બાદ ફોટા ખેંચાવીને સંતોષ માને છે. આ બનાવમાં લોકોએ ભારે જહેમત બાદ આખલાઓને અલગ પાડ્યા હતા.

કીમ સહિત સમગ્ર વિસ્તારમાં રખડતાં ઢોર અંગે અનેક વખત ફરિયાદો થઈ, રજૂઆતો થઈ, છતાં કોઈ કડક કાર્યવાહી નથી. આખલાઓને પકડી ગૌશાળામાં મૂકવાની કામગીરી કાગળ પર જ સીમિત છે. આ ઘટના માત્ર અકસ્માત નથી, પરંતુ તંત્રની બેદરકારીનું જીવતું ઉદાહરણ છે. જો હજુ પણ તાત્કાલિક પગલાં નહીં લેવાય તો આવતીકાલે આ આખલા યુદ્ધ કોઈના જીવન સાથે રમે તો નવાઈ નહીં.

કીમ વિસ્તારમાં જ્યાં રસ્તા હવે માત્ર વાહન ચાલકો માટે નહીં, પરંતુ રખડતાં ઢોર અને લડતા આખલાઓ માટે પણ ખુલ્લા મેદાન બની ગયા છે. અવારનવાર બજાર વિસ્તારમાં મુખ્ય માર્ગો પર અને રહેણાક વિસ્તારમાં અચાનક આખલાઓ વચ્ચે યુદ્ધ શરૂ થાય છે, તો ક્યારેક રસ્તા વચ્ચે બેઠેલા ઢોર મોતનું કારણ બની જાય છે. વાહનોને નુકસાન થાય છે. અનેક નિર્દોષ લોકો પહેલેથી જ તેનો ભોગ બની ચૂક્યા છે.



# કડોદ રોડ ઉપર તલાવડીથી RTO સુધી દબાણ, વાહન ચાલકો હેરાન

**રહેણાક** વિસ્તારમાં ભંગારનાં ગોડાઉનોનો ખતરો, છતાં માર્ગ-મકાન અને વહીવટી તંત્ર મૌન!

બારડોલી: બારડોલીના તલાવડી મેદાનથી RTO ઓફિસ સુધીના માર્ગ પર રોડ માર્જિનમાં ખડકાયેલાં દબાણો અને ગેરકાયદે ભંગારનાં ગોડાઉનોએ સ્થાનિક રહીશોની ઊંઘ હરામ કરી દીધી છે. તાજેતરમાં જ વ્યારા રોડ પર ભંગારના ગોડાઉનમાં લાગેલી ભીષણ આગની ઘટના છતાં બારડોલીનું તંત્ર હજુ પણ ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે.

સૌથી ચોંકાવનારી બાબત તો એ છે કે, આ જ વિસ્તારમાં મામલતદાર કચેરી, પ્રાંત અધિકારીની કચેરી અને માર્ગ-મકાન વિભાગની ઓફિસ આવેલી છે. જવાબદાર અધિકારીઓ દરરોજ આ જ રસ્તેથી પસાર થાય છે, છતાં તેમની નાક નીચે જ ધમધમતા જોખમી ભંગારના ગોડાઉનો અને રોડ માર્જિનના દબાણો તેમને દેખાતાં નથી. શું તંત્ર કોઈ મોટી જાનહાનિ થાય તેની રાહ જોઈ રહ્યું છે? તલાવડીથી RTO સુધીનો આ વિસ્તાર મુખ્યત્વે રહેણાક વિસ્તાર છે. અહીં રસ્તાની બંને બાજુએ રોડ માર્જિનમાં ભંગારના મોટા ઢગલા અને ગોડાઉનો બનાવી દેવાયા છે. જો આ ગીચ રહેણાક વિસ્તારમેવી કોઈ દુર્ઘટના ઘટે, તો સાંકડા રસ્તા અને દબાણોને કારણે ફાયર બ્રિગેડને પહોંચવું પણ મુશ્કેલ બનશે, જેનાથી મોટી જાનહાનિ થવાની પૂરેપૂરી શક્યતા છે.

### દબાણકારોની દાદાગીરી અને તંત્રની લાચારી

રોડ માર્જિનમાં ભંગારનો સામાન અને આડેધડ પાર્કિંગને કારણે સ્ટેટ હાઈવે સાંકડો થઈ ગયો છે. માર્ગ અને મકાન વિભાગ પોતાની જ ઓફિસ પાસેનાં દબાણો હટાવી શકતું નથી, જે તેમની કાર્યપ્રણાલી સામે ગંભીર સવાલો ઊભા કરે છે. સ્થાનિકોનો આક્રોશ છે કે વહીવટી કચેરીઓની અડીને જ ચાલતી આ ગેરકાયદે પ્રવૃત્તિઓ બંધ કરાવવા માટે શું હવે ઉચ્ચ કક્ષાએથી આદેશની જરૂર છે? સ્થાનિકોનું કહેવું છે કે, વ્યારા રોડ જેવી દુર્ઘટના બારડોલીમાં ન ઘટે તે માટે તલાવડી મેદાનથી RTO સુધીનાં તમામ ભંગારનાં ગોડાઉનો અને રોડ માર્જિનનાં દબાણો તાત્કાલિક દૂર કરવામાં આવે. જો મામલતદાર અને પ્રાંત અધિકારી આ બાબતે કડક પગલાં નહીં ભરે તો આગામી દિવસોમાં જનતાના રોષનો સામનો કરવો પડશે.

# પરિયામાં પ્લાસ્ટિકની ગુણોની આડમાં વિદેશી દારૂની હેરાફેરી

**એલસીબીએ** પીછો કર્યો, તો ચાલક ટેમ્પો ઊભો રાખી ભાગ્યો



ઈલ્યાસ શેખ

પલસાણા: સુરત જિલ્લા એલસીબીની ટીમને બાતમી મળી હતી કે, એક ટાટા ટેમ્પો નં.(ડીએન 9 એન 9458)માં પ્લાસ્ટિકની ગુણોની આડમાં મોટા પ્રમાણમાં દારૂ ભરી દેલાડથી પરિયા ગામ તરફ જનાર છે. આ બાતમીના આધારે પરિયાથી સેગવા સ્યાદલા ગામ તરફ જતાં રોડ પર અંજલિ ટેક્સટાઈલની નજીક રોડ પર નાકાબંધી કરતાં ટેમ્પો નાકાબંધી તોડી ભગવા જતાં ટેમ્પોનો પીછો કરી ટેમ્પોએ વિદેશી દારૂનો જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. જો કે, ચાલક નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે ટેમ્પોમાંથી 1572 બોટલ વિદેશી દારૂ કિં.રૂ.4,35,360 કબજે કર્યો હતો. પોલીસે ટેમ્પો કિં.રૂ.10 લાખ, પ્લાસ્ટિકની બેગ કિં.રૂ.12,68,500 મળી કુલ 27,03,860 રૂ.નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


Milano MULTIPLEX

બારડોલી

Tu Meri Main Tera Main Tera Tu Meri
10:00am, 03:00pm, 10:00pm

Vande BHARAT Via USA-Gujarati - 06:30pm

Avatar: Fire And Ash
11:00am, 09:30pm

Dhurandhar
12:00pm, 02:00pm, 04:00pm, 06:00pm, 09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


## વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી તમામ વ્યક્તિઓને આ જાહેર નોટીસ અન્વયે જણાવવાનું કે;

જીલ્લો : સુરત, તાલુકો: માંગરોલ, ગામ/મોજે : હથુરણનાં બ્લોક/સર્વે નંબર : ૨૫૫, સત્તા પ્રકાર જૂની શરત (જુ.શ), સર્વે નંબર : ૨૩૦, ૨૩૧, ખાતા નંબર : ૩૪૦, ક્ષેત્રફળ : હે.આરે. ૩-૮૧-૦૦ ચો.મી., આકાર : ૨૯.૩૦ થી રેવન્યુ દફતરે ગામ નમુના નંબર : ૭ ઉપર નોંધાયેલ જમીન/મિલકત શૌકતઅલી આદમ હાટીયાનાંઓએ પોતાની તેમજ મહમદ અલી આદમ હાટીયાની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટા અને વહીવટ, વ્યવસ્થા હેઠળની હોવાનો તથા બોજા રહિત અને તદન ચોખ્ખે ચોખ્ખાં માર્કેટેબલ અને સંપૂર્ણ ક્લીયર ટાઇટલવાળી હોવાનો અને તેઓને પોતાને સદરહુ મિલકત વેચાણ આપવાનો હક્ક અને અધિકાર હોવાનો સંપૂર્ણ વિશ્વાસ અને ભરોસો આપી અમારાં અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે.

અમારા અસીલ સદરહુ જમીન/મિલકતનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ટૂંક સમયમાં કરાવી લેનાર છે.

સબબ, સદરહુ જમીન/મિલકતમાં કોઈપણ ખાનગી, અર્ધ સરકારી, સરકારી, સહકારી, સંસ્થા અથવા નિગમ, બેંક, કોર્ટ અથવા કોઈપણ વ્યક્તિનાં કોઈપણ પ્રકારનાં લાગભાગ, હક્ક, હિસ્સા, હિત, સબંધ કે અધિકાર કે કોઈપણ પ્રકારનાં બોજા, ચાર્જ, લીયન, ભરણપોષણ કે સુખાધિકારનાં હક્કો વિગેરે હક્કો ચાલી આવતાં હોય કે વેચાણ, ગીરો, દાન, બક્ષિસ, સાટાખત, બાનાખત, વેચાણ કરાર, ગણોત કરાર, ભાડા કરાર, કબજા હક્ક, ખેદ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનાં લખાણો થયેલાં હોય અથવા સદરહુ જમીન/મિલકત અંગે કોઈનાં કોઈપણ પ્રકારનાં કેસ, પ્રકરણ, નોટીસ, દાવા, ફરિયાદ, અરજી, રીટ, અપીલ, રીવીઝન, દરખાસ્ત, બજવણી, જપ્તી, અવલજપ્તી, ટાંચ, રીઝર્વેશન, એક્વીઝેશન, હુકમ, હુકમો, હુકામનામાંઓ ચાલુ હોય કે કોઈપણ પ્રકારનાં દાવા, ફરિયાદ, તકરાર, વાંધા-વિરોધ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન : ૦૭ માં તમામ દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખિત જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર કરશો તો આ નોટીસમાં જણાવેલ મુદત વિત્યેથી સદરહુ જમીન/મિલકતમાં કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, અધિકાર ચાલી આવેલ નથી કે રહેલ નથી અને હોય તો તે તમામ જતાં કર્યા છે, છોડી દીધાં છે યાને તમામ રાઈટ્સ વેવ કરેલ છે એમ માની લઈને અમારાં અસીલ સદરહુ જમીન/મિલકત વેચાણ લેવા અંગે તમામ જરૂરી લખાણો, કરારો તથા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈપણ વ્યક્તિનાં કોઈપણ પ્રકારનાં દાવા, ફરિયાદ, તકરાર, વાંધા-વિરોધ અમારાં અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની આથી તમામ વ્યક્તિઓએ સ્પષ્ટ નોંધ લેવી.

નોટીસ મારી સ્પષ્ટ સુચના અને ફરમાઇશ તથા મેં આપેલ માહિતી અન્વયે

નોટીસ મારી મારફતે
**દેવાંગકુમાર પી. જોષી,**
એડવોકેટ તથા નોટરી,
સરનામું : 'ઇન્દ્રપ્રસ્થ' સોમનાથ સોસાયટી, મુ.તરસાડી, પો.કોસંબા, તા.માંગરોલ, જી.સુરત-૩૯૪૧૨૦. મો. ૯૯૭૮૧૪૮૦૦૭

### જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૩૬/૨૦૨૫
તા.૧૩/૧૨/૨૦૨૫

વાદી :- જાહેદાબીબી ગુલામ નૂરભાઇ તે લતીફ મોહમદ રૂસ્તમની પત્ની, રહે.હથોડા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી હથોડા ગ્રામ પંચાયત, તા.માંગરોળ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જાહેદાબીબી ગુલામ નૂરભાઇ તે લતીફ મોહમદ રૂસ્તમની પત્ની, રહે.હથોડા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫એ તેઓના પોતે જાહેદાબીબી ગુલામ નૂરભાઇનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: જાહેદાબીબી ગુલામ નૂરભાઈ ૨. જન્મ તારીખ: ૧૯/૦૩/૧૯૬૩ ૩. જન્મનું સ્થળ: મોજે.હથોડા, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે જાહેદાબીબી ગુલામ નૂરભાઇના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા "સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૫/૦૧/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

### જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૩૭૦/૨૦૨૫
તા.૦૮/૧૧/૨૦૨૫

વાદી :- વિરસિંગભાઇ ભીમસિંગભાઇ વસાવા, રહે.નિશાળ ફળિયું, મોટી દેવરૂપણ, તા.ઉમરપાડા, જી.સુરત-૩૯૪૪૪૫.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મોટી દેવ પણ ગ્રામ પંચાયત, તા. ઉમરપાડા, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી વિરસિંગભાઇ ભીમસિંગભાઇ વસાવા, રહે.નિશાળ ફળિયું, મોટી દેવરૂપણ, તા.ઉમરપાડા, જી.સુરત-૩૯૪૪૪૫એ તેઓના પુત્ર વિદયકુમાર વિરસિંગભાઇ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: વિદયકુમાર વિરસિંગભાઇ વસાવા ૨. જન્મ તારીખ: ૨૭/૧૨/૨૦૦૯ ૩. જન્મનું સ્થળ: મોજે.મોટી દેવરૂપણ, તા.ઉમરપાડા, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે વિદયકુમાર વિરસિંગભાઇ વસાવાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૮/૧૨/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

### જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૩૭/૨૦૨૫
તા.૧૩/૧૨/૨૦૨૫

વાદી :- લતીફ મોહમદ રૂસ્તમ, રહે.હથોડા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી હથોડા ગ્રામ પંચાયત, તા.માંગરોળ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી લતીફ મોહમદ રૂસ્તમ, રહે. હથોડા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫એ તેઓના પોતે લતીફ મોહમદ રૂસ્તમનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: લતીફ મોહમદ રૂસ્તમ ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૬૧ ૩. જન્મનું સ્થળ: મોજે.હથોડા, તા.માંગરોળ, જી.સુરત.

સબબ, ઉપરોક્ત વિગતે લતીફ મોહમદ રૂસ્તમના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૫/૦૧/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત


